# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૩.૦૫.૨૦૧૯

**ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક પર તેમજ ચાર વિધાનસભાની પેટાચુંટણીમાં ભાજપાને ભવ્યાતિભવ્ય વિજય અપાવવા બદલ ગુજરાતની જનતાજનાર્દનનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

------------

**દેશના ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસવાદી રાજનીતિ, ઈમાનદારી, મજબૂત નિર્ણાયકશક્તિ અને રાષ્ટ્રવાદી રાજનીતિમાં વિશ્વાસ વ્યક્ત કરીને દેશની જનતાએ સતત બીજી વખત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમત સાથે પ્રચંડ વિજય અપાવ્યો છે**

**- શ્રી વિજયભાઈ રૂપાણી**

------------

**આ જીત દરેક ભારતવાસીની જીત છે આજે સમગ્ર દેશમાં મોદી લહેર છે. હવે આપણા નરેન્દ્રભાઈ ફક્ત ગુજરાત કે દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બની ચૂક્યા છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

------------

**આગામી પાંચ વર્ષમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરશે અને જનતાના સપના સાકાર થશે. જનતાને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને સરકારની નીતિઓ પર ભરોસો છે તે આજના પરિણામો પરથી સિધ્ધ થયુ છે**

**- શ્રી વિજયભાઈ રૂપાણી**

------------

**કોંગ્રેસ જનતાના જનાદેશને સહજતાથી સ્વીકારવાને બદલે તેની અવગણના કરીને પોતાની હારનું ઠીકરું ઈવીએમ પર ફોડી રહી છે. લોકતાંત્રિક વ્યવસ્થાઓનો અસ્વીકાર કરવો એ લોકતંત્ર માટે ખૂબ જ ઘાતક છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

------------

આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધન કરતા આજે જાહેર થયેલા લોકસભા ચૂંટણીના પરિણામો અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, દેશના ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસવાદી રાજનીતિ, ઈમાનદારી, મજબૂત નિર્ણાયકશક્તિ અને રાષ્ટ્રવાદી રાજનીતિમાં વિશ્વાસ વ્યક્ત કરીને દેશની જનતાએ સતત બીજી વખત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમત સાથે પ્રચંડ વિજય અપાવ્યો છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આ જીત દરેક ભારતવાસીની જીત છે આજે સમગ્ર દેશમાં મોદી લહેર છે. હવે આપણા નરેન્દ્રભાઈ ફક્ત ગુજરાત કે દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બની ચૂક્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યપધ્ધતિ પર કોઈ શંકા કરી શકે તેમ નથી. આ ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી જનતાનો ભરોસો બની ચૂક્યા છે જેના અનુસંધાને વર્તમાન પરિણામો લોકમન અને લોકમતનું સ્પષ્ટ પ્રતિબિંબ દર્શાવે છે. આગામી પાંચ વર્ષમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરશે અને જનતાના સપના સાકાર થશે. જનતાને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને સરકારની નીતિઓ પર ભરોસો છે તે આજના પરિણામો પરથી સિધ્ધ થયુ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની અભૂતપૂર્વ સંગઠનશક્તિ વિશે વાત કરતા શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના યશસ્વી નેતૃત્વ, કુશળ સંગઠનશક્તિ અને ચાણક્યનીતિએ દેશભરના ભાજપાના કરોડો કાર્યકર્તાઓને પ્રેરણા પુરી પાડી છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની દેન છે કે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા જેવા રાજ્યોમાં ભાજપાએ આજે શાનદાર પ્રદર્શન કર્યું છે. પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રહિતમાં પોતાના જીવ ગુમાવનાર ૮૦ થી વધુ કાર્યકર્તાઓના બલિદાનને યાદ કરી મુખ્યમંત્રીશ્રીએ તેમને નમન કર્યું હતું.

ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક પર તેમજ ચાર વિધાનસભાની પેટાચુંટણીમાં ભાજપાને ભવ્યાતિભવ્ય વિજય અપાવવા બદલ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતાજનાર્દન અને ભાજપા ગુજરાતના નેતૃત્વ તેમજ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક ગુજરાતી જ્યારે પ્રધાનમંત્રી બનતો હોય તો ગુજરાત યોગદાન આપવામાં કેવી રીતે પાછળ રહી શકે ? ગુજરાતની જનતાના પ્રધાનમંત્રીશ્રી પ્રત્યેના પ્રેમ, લાગણી અને વિશ્વાસના કારણે જ ભાજપા ફરી એક વખત તમામ ૨૬ બેઠક પર વિજય પ્રાપ્ત કરવામાં સફળ નિવડી છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ જનતાના જનાદેશને સહજતાથી સ્વીકારવાને બદલે તેની અવગણના કરીને પોતાની હારનું ઠીકરું ઈવીએમ પર ફોડી રહી છે. લોકતાંત્રિક વ્યવસ્થાઓનો અસ્વીકાર કરવો એ લોકતંત્ર માટે ખૂબ જ ઘાતક છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૨૩.૦૫.૨૦૧૯

**ગુજરાત ભાજપા વતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને દેશભરમાં ભાજપાને મળેલા પ્રચંડ વિજય બદલ અભિનંદન પાઠવતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાને ઐતિહાસિક પુનરાવર્તન સાથે વિજય અપાવવા બદલ ભાજપાના કાર્યકર્તાઓ અને ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આગામી પાંચ વર્ષમાં યુગપુરુષ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અવિરતપણે પ્રગતિ પથ પર આગળ વધવા જઇ રહ્યો છે અને દેશ વિશ્વગુરુના સ્થાને બિરાજમાન થવા માટે આગળ વધશે તે નિશ્ચિત છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**ભારતીય જનતા પાર્ટીની સરકાર જનતાના હૃદય સુધી પહોંચવામાં સફળ નીવડી છે. દૂધમાં જેમ સાકર ભળે તેવી રીતે ભાજપાના રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચારો સાથે દેશની જનતા ભળી ગઈ છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**ગુજરાતનું સૌભાગ્ય છે કે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ગુજરાત ભાજપા ટીમના આગ્રહને માન્ય રાખી ગાંધીનગર ખાતેથી ચૂંટણી લડ્યા અને પ્રજાના આશીર્વાદથી તેમનો ભવ્યાતિભવ્ય વિજય થયો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને દેશની સમગ્ર જનતા એ નકારી કાઢી છે અને કોંગ્રેસના દેશમાંથી સુપડા સાફ કરી નાખ્યા છે. આજે દેશમાં સામાજિક સમરસતા નું વાતાવરણ છે અને સકારાત્મક રાજનીતિના યુગનો ઉદય થઈ ચૂક્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

આજરોજ પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ લોકસભા ચૂંટણીના પરિણામો અંતર્ગત પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતેથી ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતાં જણાવ્યું હતું કે, આજની સવારના સૂર્યના કિરણો નવા યુગની શરૂઆત લઈને આવ્યા છે. આગામી પાંચ વર્ષમાં યુગપુરુષ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અવિરતપણે પ્રગતિ પથ પર આગળ વધવા જઇ રહ્યો છે અને દેશ વિશ્વગુરુના સ્થાને બિરાજમાન થવા માટે આગળ વધશે તે નિશ્ચિત છે.

લોકસભાની ચૂંટણીમાં મળેલા પ્રચંડ વિજય અંગે વાત કરતાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે જનકલ્યાણ તેમજ દેશની સુરક્ષા માટે જે પગલાંઓ લીધા તેનાથી સ્પષ્ટ હતું કે દેશની જનતા તેમને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રીપદ પર બિરાજમાન કરશે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જનતાના હૃદય સુધી પહોંચવામાં સફળ નીવડી છે. દૂધમાં જેમ સાકર ભળે તેવી રીતે ભાજપાના રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચારો સાથે દેશની જનતા ભળી ગઈ છે.

ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાને ઐતિહાસિક પુનરાવર્તન સાથે વિજય અપાવવા બદલ શ્રી વાઘાણીએ ભાજપાના કાર્યકર્તાઓ અને ગુજરાતની જનતાને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પછી તુરંત જ ગુજરાત ભાજપાએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે કવાયત શરૂ કરેલી અને નરેન્દ્રભાઈની સરકારે કરેલા લોકકલ્યાણના કાર્યોની જનજન સુધી પહોંચાડવાનો વિવિધ કાર્યક્રમો થકી પ્રયાસ કર્યો હતો. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપા ગુજરાત વતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને દેશભરમાં ભાજપાને મળેલા પ્રચંડ વિજય બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના અથાગ પરિશ્રમ અને સંગઠનાત્મક નેતૃત્વ અને માર્ગદર્શનના કારણે જ ભાજપા આજે દેશના પ્રત્યેક ખૂણે પોતાનો ડંકો વગાડવામાં સફળ નીવડી છે. ગુજરાતનું સૌભાગ્ય છે કે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ગુજરાત ભાજપા ટીમના આગ્રહને માન્ય રાખી ગાંધીનગર ખાતેથી ચૂંટણી લડ્યા અને પ્રજાના આશીર્વાદથી તેમનો ભવ્યાતિભવ્ય વિજય થયો છે.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને દેશની સમગ્ર જનતા એ નકારી કાઢી છે અને કોંગ્રેસના દેશમાંથી સુપડા સાફ કરી નાખ્યા છે. આજે દેશમાં સામાજિક સમરસતા નું વાતાવરણ છે અને સકારાત્મક રાજનીતિના યુગનો ઉદય થઈ ચૂક્યો છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ